સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સટ્ટાકાંડની સંડોવણીમાં નામદાર હોય છે,
છટકી જાય દામ ભરીને દમદાર હોય છે,
ફરે મુક્ત મગરમચ્છો ફસાય નાની માછલી
કે લોહી હલકું તો હવાલદારનું જ હોય છે.

હાઈકુ

રેડાય લોહી
નિહથ્થા મજૂરોનું -
રક્ત ચંદને
(માફિયા મહેલોમાં)

સત્તા કરતાં -
જોઇ લેવું છે સારું..
વિશ્વ દર્શન..
(ત્રણ દેશોની મૂલાકાત)

ચિંતન

નારીણાં વચનેન કર્મ કુરુતે દીનં વચો ભાષતે નાલસ્ય વિજહાતિ તિગ્માકિરણે પ્રૌઢે સમુત્તિષ્ઠતિ ।
કિંચિ ત્કકાપિ ન સાહસં વિતનુતે દેહે ચિરં દુયતે નો વા વિન્દતિ પૌરુષં કુપુરુષઃ કોપ્યેષ નિર્ણયિતામ્ ॥

સ્ત્રીઓ-પત્નીના કહેવા પ્રમાણે જ જે કામ કરે છે, દીન-ગરીબડાં-સાવ નરમ થઇ જે વાત કરે છે અર્થાત હિંમતપૂર્વક જે બોલી પણ નથી શકતો. પ્રમાણમાં વધારે પડતો આળશુ છે બપોરના સૂર્ય જ્યારે બરાબર તપે ત્યારે પથારીનો ત્યાગ કરે છે અર્થાત મોડો-મોડો ઉઠે છે, કોઇ નવું કામ-સાહસ કરતો નથી અર્થાત રાબેતા મુજબ જેમ તેમ નિત્યક્રમની ઘરેડમાં ખેંચાતો રહે છે કારણ વિના શરીરના દુખ-દર્દોની ફરિયાદો કરતો રહે છે. અર્થાત કામ ન કરવા અને બીજાની સહાનુભૂતિ મેળવવા આજ મને આ દુખે છે અને તે દુખે છે માથું-પેટ તો એમની હાજરાહજૂર બચાવ પ્રયુક્તિમાં કામ આવે છે.

પુરુષાર્થ કરતો નથી. કોઇ કરી આપે-મદદ કરી એવી સદાપ અપેક્ષા રાખતા રહે છે. આવા પ્રકારના માણસો નીચ-અધમ-હલકા છે. આવા માણસના દેખાવ-આચાર-વિચાર અને આચરણ દ્વારા કોઇ પણ ઓળખી શકે છે અર્થાત છૂપા રહેતા નથી.

સુવિચાર

- સુંદર સત્યને થોડા શબ્દોમાં કહો પણ કુરુપ સત્ય માટે કોઇ શબ્દ ન વાપરો - ખલીલ જીબ્રાન
- ઉમ્મર વધતા ફક્ત ચહેરા પર કરચલીઓ પડે છે, જ્યારે નિરુત્સાહી વ્યક્તિ સ્વયં પોતાના આત્માને વૃદ્ધ બનાવે છે - ગોવર્ધનરામ ત્રિપાઠી
- માણસ ભલાઇ સિવાયના કોઇ કામથી ઇશ્વરની નજીક પહોંચી શકતો નથી - એસ. ભટ્ટાચાર્ય
- જીવનમાં ઇશ્વર ઉપર ભરોસો હશે તો ખરાબ સમય ક્યારે ચાલ્યો જશે ખ્યાલ પણ આવશે નહીં - મોરારિ બાપુ
- ઉપસ્થિતિ વિનાની પ્રાર્થનાએ પ્રાર્થના નથી - ઝેન કથન
- આજનો માણસ ત્રણ જાતના ભયથી પીડાઇ રહ્યો છે, ગરીબ થઇ જવાનો ભય, ઇજ્જત ગુમાવ્યાનો ભય, રોગથી રિબાવાનો ભય - ડો. ચંદ્રકાન્ત મહેતા
- માણસ જેટલી દંભની માત્રા વધારે, તેટલે અંશે તે મરેલો ગણાય - માનસસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

મફત ઘર - મફત પાણી - મફત વીજળી - બેંકમાં ખાતાં ખોલાવી પૈસા ભરી દેસે આવી કેન્દ્રની હોય કે દિલ્હીની સરકાર આવી વાતો કરી બિચારા ગરીબ-દુખીજનોને 'સારા દિવસ'નું આશ્વાસન તો આપે છે! સરકારી સાહેબો, કોર્ટો-પોલીસ તો કાયદો બતાવી 'ના' જ પાડી દે!!

એક ગરીબ સંગીતકાર એક લુચ્ચા રાજાના દરબારમાં ગયો. રાજાને સંગીત સંભળાવ્યું - એક રાગ ગાયો ને રાજાએ પાંચ સોનામહોર જાહેર કરી, પંડિત બીજો રાગ છેડ્યો રાજાએ દસ સોનામહોર જાહેર કરી. ત્રીજા રાગમાં પાંચ વિઘા જમીન જાહેર કરી..

પંડિત જાહેરાતો સાંભળી ખૂશ થતો ઘરે ગયો. પત્નીને કહ્યું હવે, આપણા સારા દિવસ શરુ થયા છે.'

ઇનામો સરકારી ખજાનામાંથી આવશે એની આઠ-દસ દિવસ રાહ જોઇ. અધિકારીને મળ્યો પૂછ્યું મારા ઇનામો ક્યારે મળશે? અધિકારી ખંધુ હસ્યા કહ્યું, 'રાજાજી તો બજેટની જોગવાઇ વિનાના બણગા ફૂંકે આવા ઇનામોની રાહ ન જોવાય.'

સંગીતકાર રાજાને મળ્યો. રાજા કહે જો તેં મને સંગીત સંભળાવી મારા કાનને ખૂશ કર્યા. એમ મેં તને જાહેરાતો સંભળાવી તારા કાનને ખૂશ કર્યા. વ્યવહાર ચોખ્ખો, બરાબર?!

Email - sureshchandrabhatt18@gmail.com

ગાંધીનગર સાહિત્યસભાના સદસ્ય અને જાણીતા કવિ સાહિત્યકાર ભાગ્યેશ જહાની ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે નિમણૂંક

● પાલનપુર સમાજ કેન્દ્રના ઉપક્રમે 'પાલનપુરની ધરતીનાં કવિરત્નો' પુસ્તકના વિમોચન સાથે જાણીતા પાલનપુરી શાયરોનો મુશાયરો અને સંગીતની મહેફી યોજાઇ હતી

આ પ્રસંગે 'પાલનપુરની ધરતીનાં કવિરત્નો' પુસ્તકનું વિમોચન જન્મભૂમિના તંત્રી કુંદન વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું. જેનું સંપાદન પાલનપુરના જાણીતા શાયર મુસાફિર પાલનપુરી દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આમંત્રિત વક્તા તરીકે નામાંકિત પત્રકાર અને નવલકથાકાર કાજલ ઓઝા વૈદ્ય ઉપસ્થિત રહ્યાં હતા.

આ નિમિત્તે યોજાયેલ મુશાયરામાં સર્વશ્રી 'શૂન્ય', 'સૈફ', 'રજની', 'ઓજસ', પંથી પાલનપુરીની રચનાઓ રજૂ થઇ હતી. જ્યારે પાલનપુરના ત્રણ મુખ્ય શાયરો શૈલ પાલનપુરી, મુસાફરી પાલનપુરી અને અમર પાલનપુરી એ પોતાની ગઝલ આગવા અંદાજ સાથે રજૂ કરી ઉપસ્થિત શ્રોતાઓ અને ગઝલકારોને ડોલાવ્યા હતા.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદક - નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર

સમગ્ર કાર્યક્રમના અંતે 'મહેફિલે-ખાસ' માં સુપ્રસિદ્ધ ગાયિકા શ્રીમતી ધનશ્રી પંડિત રાયે પાલનપુરી શાયરોની ગુજરાતી ગઝલ રચનાઓ બેગમ અખ્તરના સ્વરે આકર્ષક રીતે રજૂ કરી મહેફિલને તરબતર કરી દીધી હતી.

● અમદાવાદમાં ચિંતન પ્રેરક 'પરિસંવાદ' યોજાયો

જૈનાચાર્ય વિજય શીલંચદ્રસૂરિજી મ. અને પદ્મશ્રી કુમારપાળ દેસાઇની ઉપસ્થિતિમાં યોજાઇ ગયેલ ચિંતનપ્રેરક પરિસંવાદમાં ધનવંત શાહ, માલતી શાહ, છાયાબહેન શાહ, થોમસ પરમાર, ડો. સુધીર શાહ, મુનિ ત્રૈલોક્ય મંડન વિજય, પ્રોમ. રમજાન જેવા વિદ્વાનો દ્વારા ચિંતન સભર પ્રવચના થયાં હતાં બે દિવસના આ પરિસંવાદમાં ગુજરાતી પુસ્તક પ્રકાશનની સાત્ત્વિક - તાત્ત્વિક પરંપરાનું મુલ્યનિષ્ઠ જનત કરવા બદલ 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય'નું ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. સૌએ ગૂર્જરની સાહિત્ય નિષ્ઠાને બિરદાવી હતી. ગૂર્જર પરિવાર વતી મનુભાઇ શાહ, અમર શાહ, પંકજ શાહ અને પરિવારજનો એ અભિવાદન સ્વીકાર્યું હતું. જ્યારે મનુભાઇ શાહ પ્રતિભાવ પાઠવ્યો હતો.

● 'માતૃભાષામાં શિક્ષણ : સહચિંતન' અંગે કાર્યક્રમ યોજાયો

અરુણોદય સેવા ટ્રસ્ટ ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગર મુકામે 'માતૃભાષામાં શિક્ષણ : સહચિંતન' વિશેનો પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતિમાં ડો. ભદ્રાયુ વચ્છરાજાની, ડો. વીણા બહેન પટેલ વગેરેનાં વક્તવ્યોથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો.

● રમણીકભાઇ શાહને ચંદ્રક અને પુરસ્કાર એનાયત થયો.

ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મના વારસાને રજૂ કરનાર ગ્રંથ ભંડારોને વ્યવસ્થિત કરીને તેની સૂચી તૈયાર કરનાર, આગમન પ્રભાવકર બિરુદથી જાણીતા મુનિ પુણ્ય વિજયજી મ. ની સ્મૃતિમાં ડો. રમણીકભાઇ મનસુખભાઇ શાહને પ્રશસ્તિપત્ર, રૂા. ૫૧,૦૦૦ નું પારિતોષિક તથા 'આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી ચંદ્રક' એનાયત કરવાનો કાર્યક્રમ આ શીલચંદ્ર વિજયજીની નિશ્રામાં એન પદ્મશ્રી કુમારપાળ દેસાઇની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ડો. વિજય પંડ્યાનું વક્તવ્ય અને સરસ્વતી પુસ્તક ભંડારનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

● અમદાવાદમાં રાજ્યપાલશ્રીના હસ્તે પાંચ પુસ્તકોનું વિમોચન

ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશન વિભાગ અને અનુવાદ એકેડમી એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત 'ઓડિસા સાહિત્ય દર્શન' અને 'ગાંધી એક અસંભવ સંભાવના' તેમજ બીજા ત્રણ મળી પાંચ પુસ્તકોનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે અનુવાદની પ્રવૃત્તિ વિષે પ્રદીપ ખાંડવાલાએ પુસ્તકોનાં પરિચય અંગે સુદર્શન આચંગારે ઉદ્‌ભોદનો કર્યા હતા. રાજ્યપાલશ્રીએ 'અન્ય ભારતીય ભાષાની કૃતિઓના અનુવાદ સાથે આપણી સંસ્કૃત અને પ્રાકૃત જેવી ભાષાની સમૃદ્ધ કૃતિઓના અનુવાદ કરવા અનુરોધ કર્યો હતો.'

● ચૈતન્ય ભટ્ટને મનુભાઇ પંચોળી 'દર્શક' ફા. એવોર્ડ એનાયત

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામ પુનરુત્થાન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર પ્રતિભાઓ તથા સંસ્થાઓને અપાતો મનુભાઇ પંચોળી 'દર્શક' એવોર્ડ અને ૨૦૧૪નો કેળવણીકાર ચૈતન્ય ભટ્ટને લોકમિત્રા, ઢેઢુકી (ચોટીલા) ખાતે અર્પણ કરાયો. આ પ્રસંગે મધુકર બી પારેખ, રઘુવીર ચૌધરી, પ્રકાશ ન. શાહ, મનસુખ સલ્લા, મહેન્દ્ર સિંહ પરમાર વિગેરે ટ્રસ્ટીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગર સાહિત્યસભામાં વિનાયક રાવલ અને ઘનશ્યામ ગઢવી વક્તવ્ય આપશે

ગાંધીનગર સાહિત્યસભાની માસિક બેઠક તા. ૧૨-૦૪-૨૦૧૫ના સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે મળશે જેમાં જાણીતા નાટ્યવિદ અને સાહિત્યકાર વિનાયક રાવલ અસાઇત સાહિત્ય અને લોકસાહિત્યકાર ઘનશ્યામ ગઢવી લોક સાહિત્ય અંગે વક્તવ્ય આપશે તો સર્વે સાહિત્યરસીકો અને ભાવકોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

● કવિ ભાગ્યેશ જહા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ નિમાયા. સાહિત્યકારો એ અભિનંદન પાઠવ્યા.

ગાંધીનગર સાહિત્યસભાના સદસ્ય અને જાણીતા કવિ સાહિત્યકાર ભાગ્યેશ જહાની ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે નિમણૂંક થતાં સાહિત્ય જગતમાં આનંદની લાગણી ફેલાઇ છે. 'પહાડ ઓગળતા રહ્યા' અને 'મીરાંની જેમ મને મળજો' કાવ્ય સંગ્રહના કવિની નિમણૂંકને આવકારતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, ઉપપ્રમુખ નટવર હેડાઉ, સુરેશ પ્રા. ભટ્ટ, મૂળજીભાઇ પરમાર, સંજય થોરાત તેમજ કારોબારીના સૌ સભ્યોએ હૃદયના ઉમળકાથી અભિનંદન પાઠવ્યા છે.

લોકશાહીનાં વૃક્ષને સાચા મૂલ્યોનું સિંચન કરીને તેને વધુ મજબૂત કરવામાં આવે તે આપણાં હાથની વાત છે અને એ જ સમયની પણ માંગ છે

આપણો દર પાંચ વર્ષે લોકશાહી ટકી રહે એ માટે ચૂંટણી યોજીએ છીએ અને ઉભેલ ઉમેદવારમાંથી એકને મત આપીને આપણે આપણાં ઉમેદવારને પ્રતિનિધિ તરીકે ચૂંટીએ છીએ. હાલ પરિસ્થિતિ એવી છે કે પહેલાં ૯૮ + ૨ સારા અને નરસામાંથી પ્રતિનિધિ ચૂંટવાનો મોકો મળતો હતો. અત્યારે અગાઉનું ગણિત ઉલ્ટાઇ ગયું છે. તે ૨ + ૯૮ થઇ ગયું છે. એટલે કે ઘઉંમાંથી કાંકરા નહી પણ કાંકરામાંથી ઘઉં વિણવા જેવી પરિસ્થિતિ થઇ ગઇ છે. અત્યારે સ્વચ્છ ઉમેદવાર કરતાં ગુનાહિત ઉમેદવાર વધુ ઊભા રહે છે અને તે સહજ રીતે જ ચૂંટાઇ આવે છે. હકીકત આપણે એક પછી એક ચૂંટણીઓમાં સ્પષ્ટ જોઇ શકીએ છીએ. આ બાબતમાં વધુ ચોખવટ કરવાની જરૂર નથી. રાજકારણમાં નીતિમત્તાની તો વાત જ કરવામાં જેવી નથી. જે બાજુ ખુરશી હોય તે બાજુ પક્ષ પલટો કરવામાં સહેજે શરમ જેવું નથી! સવારનું ભોજન આ પક્ષમાં લીધું હોય તો સાંજનું ભોજન બીજા પક્ષમાં કાર્યાલયમાં હોય. આવા દૃશ્યો સામાન્ય થઇ ગયા છે.

આ આપણાં લોક પ્રતિનિધિઓ
ચર્ચાસભા

- ભગવાનભાઇ ગોહેલ

રાજકારણીઓ માટે દેશની સંસદ હોય કે રાજ્યની વિધાનસભા હોય, શાસન, ભાજપનું હોય કે કોંગ્રેસનું હોય કે અન્ય પક્ષનું હોય તેમને કોઇ ફેર પડતો નથી. મૂળતો ચૂંટાયેલ પ્રતિનિધિઓનું ગોત્ર (ડી.એન.એ.) એક જ હોય છે. તેથી જ કોઇ પણ પક્ષના રાજકારણની માનસીકતા એક સરખી જ જોઇ શકાય છે. એ જોગાનુજોગ છે કે ૨૬ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસે ગુજરાતી વિધાનસભામાં તાદૃશ્ય રંગભૂમિ-રણભૂમિનાં દૃશ્યો ભજવાયા અને એ પણ કાયદો અને વ્યવસ્થાની ચર્ચાના મુદ્દા ઉપર, ગૃહમાં બનેલ બનાવ જોતાં લાગે છે કે રોડ ઉપર સામાન્ય બે સાયકલવાળા સામસામે ટકરાય અને તે બબાલ ઊભી થાય છે. તે જોત જોતામાં બોલાચાલી અને હાથાપાઇમાંથી મોટું સ્વરુપ ધારણ કરે છે અને છેલ્લે તે કોમી તોફાનમાં ફેરવાઇ જાય છે. કંઇક તેવું જ તા. ૨૬ માર્ચ ૨૦૧૫ને ગુરુવારના દિવસે બન્યું. વિરોધ પક્ષ (કોંગ્રેસ)ને બોલાવાનો સમય ઓછો ફાળવવાનાં મુદ્દે ગૃહમાં એન બહાર રમમાણ મચી ગયું. સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા, ગાદીઓ ફેંકવામાં આવી, માઇકો તોડવામાં આવ્યા, કાગળનાં ડૂચા કરીને અધ્યક્ષની બેઠક તરફ ફેંકવામાં આવ્યા અને વિધાનસભા ગૃહનાં લાકડાનાં પાર્ટિશન, ફૂલછોડના કુંડા, કાચનો દરવાજો અને અન્ય બારીઓનાં કાચ તોડીને તોડફોડ કરવામાં આવી. ધમાચકડી દરમિયાન સભ્યોને ગૃહમાંથી બહાર કાઢવામાં અમુક સભ્યો ઘાયલ પણ થયા. આ કોઇ તોફાની સ્કૂલનાં વિદ્યાર્થીઓની વાત નથી કરતા.

આ તો આપણાં ચૂંટાયેલ પ્રતિનિધિઓની વાત કરી રહ્યાં છીએ. સામાન્ય માણસ પણ જાહેર મિલકતને નુકશાન પહોંચાડતા પહેલાં વિચારે છે. આ તો ચૂંટાયેલ લોક પ્રતિનિધિઓને કાયદો હાથમાં લઇને જાહેર મિલકતને નુકશાન કરવાનું કૃત્ય કરેલ છે, ત્યારે પ્રશ્ન એ થાય છે કે કાયદો હાથમાં લઇને જાહેર મિલકતને નુકશાન કરનાર સામાન્ય માણસ વિરુદ્ધ તરત જ પોલીસ કાર્યવાહી કરવામાં આવે છે અને તેની અટકાયત કરવામાં આવે છે. તો આ લોક પ્રતિનિધિઓ વિરુદ્ધ પણ એ જ રીતે કાર્યવાહી કરવી જોઇએ. ચાહે તે કોઇ પણ પક્ષનો પ્રતિનિધિ હોય. ગુનો કરનારની જાતિ, મોભો કે રાજકીય પક્ષ ન જોવામાં આવે તેવી લોક લાગણી છે. અને તેનો પડઘો હાલની (ભાજપ) સરકારે પાડેલ છે એ સારી બાબત છે. આ રીતે જાહેર મિલકતને નુકશાન પહોંચાડનાર ૧૯ સભ્યો વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરીને સરકારે રાજકારણમાં એક ઉમદા ઉદાહરણ પુરું પાડેલ છે તેમાં બે મત ન હોઇ શકે. કાયદો દરેકને માટે સરખો છે એ વાત મોડે મોડે પણ પુરવાર થઇ છે એ સારી બાબત છે.

વિધાનસભાનાં સંકુલમાં અને મહાત્મા મંદિરમાં બેઠેલાં ગાંધીજી આ બધું જોઇને બહુ દુઃખ અનુભવતા હશે. પણ શું કરે જ્યારે તેઓ હયાંત હતા ત્યારે પણ આઝાદી મળતાની સાથે જ સત્તા મળતાં તેમને એક બાજુ કરી દેવામાં આવ્યા હતા. તો અત્યારે તો તેમને કશો પ્રશ્ન જ નહીં હોય તેમ માનવું રહ્યું.

આપણે દિવસે દિવસે લોકશાહી મૂલ્યોનો હ્રાસ કરી રહ્યાં છીએ તેનાં પરિણામ સ્વરુપે લોકોની લોકશાહીમાંથી શ્રદ્ધા ડગી ન જાય એ જોવું અગત્યનું છે અને લોકશાહીનાં વૃક્ષને સાચા મૂલ્યોનું સિંચન કરીને તેને વધુ મજબૂત કરવામાં આવે તે આપણાં હાથની વાત છે અને એ જ સમયની પણ માંગ છે.

આપણું અધ્યાત્મ આટલું કાંટાળું કેમ છે?

રોહિતોપદેશ

- રોહિત શાહ

અધ્યાત્મને જિવાડનારાં બે તત્ત્વો છે : (૧) પ્રચાર અને (૨) પ્રસાર. પ્રચાર અને પ્રસાર વગરની કોઇ પણ વાત અલ્પજીવી હોય છે. થોડાક જ સમયમાં એ ભૂંસાઇ જાય છે, કાં તો ભુલાઇ જાય છે. પ્રચાર અને પ્રસાર એને દૂર-દૂર સુધી લઇ જાય અને લાંબા સમય સુધી જિવાડે છે.

પ્રચાર એટલે વાણી દ્વારા થતો વ્યવહાર. કોઇ પણ ધર્મ-અધ્યાત્મના પાયાના સિદ્ધાંતો, એનાં તત્ત્વો, એની વિભૂતિઓ, વગેરે વિશે સતત વ્યાખ્યાનો, પ્રવચનો થતાં રહે, એના ગ્રંથોનું પ્રકાશન થતું રહે તો એનો વ્યાપક પ્રચાર થાય છે. આજે તો ટીવી અને ઇન્ટરનેટ જેવા માધ્યમથી એક જ ક્લાકમાં કોઇ પણ વાતને વિશ્વકક્ષાએ પહોંચાડી શકાય છે.

પ્રસાર એટલે વર્તન દ્વારા થતો વ્યવહાર. માત્ર વાતોનાં વડાંથી કદી પેટ ન ભરાય. એ માટે ભોજનની સામગ્રી જોઇએ. બત્રીસ પકવાન અને છપ્પનભોગની વાતોથી જ જો લોકોના પેટ ભરાઇ જતા હોત તો આપણો દેશ ભૂખમરાથી રિબાઇ રહ્યો ન હોત. પ્રસાર માટે અણિશુદ્ધ વર્તન-વ્યવહાર જોઇએ.

બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે પ્રચાર એ શરીર છે અને પ્રસાર એ પ્રાણ છે - આત્મા છે. શરીર અને આત્માનો સંયોગ રહે તો જ જીવન રહે. એ બે વિખૂટાં પડે તો બંનેનું અસ્તિત્વ જોખમાય. આપણે અધ્યાત્મના ક્ષેત્રે માત્ર આત્માનો જ સ્વીકાર કર્યો. શરીર તો ક્ષણભંગુર છે અને આત્મા અમર છે એવું વિભાજન કરીને આપણે અધ્યાત્મ સાથે પ્રપંચ કર્યો. આત્માને રહેવા માટે શરીરની જરુર પડે છે. શરીર ન હોય તો માત્ર આત્મા કશુંય કરી શકતો નથી, ભટકતો રહે છે.

પ્રચાર અને પ્રસાર આ બંને જ્યારે પરસ્પરના પૂરક બને છે ત્યારે જ અધ્યાત્મનો ઉદય થાય છે અને ત્યારે જ એનો પ્રભાવ પડે છે

એ જ રીતે આત્મા વગરનું શરીર પણ નકામું છે. ચેતન ચાલ્યું જાય પછી તો અંગત સ્વજનો પણ ડેડ બોડીને વહેલી તકે અંતિમ ક્રિયા માટે લઇ જાય છે. આચરણ વગરની બડાશો માત્ર વાણીવિલાસ જ બની રહે. ધર્મની વાત હોય ત્યાં માત્ર વ્યાખ્યાન શૂરા માણસો ન ચાલે. અધ્યાત્મના ક્ષેત્રમાં માત્ર પ્રવચનશૂરા લોકો ન ચાલે. આચરણમાં ઘંટાયેલો ન હોય એવો શબ્દ બોદો હોય છે. એમાંથી નક્કર રણકો પ્રગટતો નથી.

સિદ્ધાંત અને આચરણ વચ્ચે વિરોધ થતો હોય ત્યારે અધ્યાત્મ બિચારું ડૂચકાં જ ભરતું રહે છે. એક તરફ સમભાવની વાતો જોરશોરથી થતી હોય અને એવી વાતો કરનારા પોતાના જ સંપ્રદાયના લોકો સાથે બાખડતા હોય ત્યારે શું સમજવું? જે લોકો પોતાના જ સંઘ, સમુદાય કે સંપ્રદાય સાથે સુમેળ નથી રાખી શકતા તેમના દ્વારા અધ્યાત્મ ઉજ્જવળ બનશે એવી આશા રાખનાર લોકોની જમાત નાની નથી. શરીરની માવજત નહિ કરવાનો ઉપદેશ આપનાર કેટલાક લોકોનાં તગડાં શરીર જોઇને એમ પૂછવાનું મન થાય કે તમે તમારાં શરીરની માવજત ન કરી હોત તો આટલા વિકૃત દેખાતા હોત? શરીરને ખાસ પ્રકારના વાઘા પહેરાવવા, જાતજાતની માળાઓ ધારણ કરવી, વિવિધ રંગ-આકારનાં ટીલાટપકાં કરવા - આ બધું માત્ર શરીર માટે જ થતું હોય છે. એ જ રીતે જીવનને વિકૃત બનાવી મૂકે એવા અપ્રાકૃતિક નિયમો અને સિદ્ધાંતોની ડાહી - ડાહી વાતો માત્ર આત્માને જ કેન્દ્રમાં રાખીને થતી હોય છે. એ બંને અંતિમ વચ્ચે સુમેળ ન હોય ત્યારે આપણા હાથમાં કશું આવતું નથી.

સાચો ધર્મ એ છે કે જે જીવન સાથે જોડાયેલો હોય. જીવનથી દૂર જઇને બેઠેલો ધર્મ આખરે પાખંડમાં પરિણમે છે. ભગવાન મહાવીરે પોતાના શરીરને ઢાંકવા માટેના છેલ્લા વસ્ત્રનો પણ મોહ ન રાખ્યો એટલે તેમના મુખેથી અપરિગ્રહની વાત થાય એ શોભી ઊઠે છે. પોતાને વધસ્તંભ પર જડી દેનારા શત્રુઓ પ્રત્યે બની રહે છે. પિતાના વચન ખાતર હસતા મુખે ચૌદ વર્ષનો વનવાસ વેઠનાર શ્રીરામની મર્યાદા તેમને પુરુષોત્તમ પુરવાર કરે છે. શ્રીકૃષ્ણની રાસલીલાઓ આપણને જીવન સાથે જોડી રાખે છે. જેમના વાણી અને વર્તન વચ્ચે વિરોધ નથી હોતો એવા મહાત્માઓ સમયના પટ પર પોતાનું નામ અંકિત કરી જાય છે.

અધ્યાત્મ જ્યારે જ્ઞાનની ભૂમિ પર પાંગરે છે ત્યારે એને શ્રદ્ધાનાં ફળ બેસે છે. અજ્ઞાન અને અનુકરણની ભૂમિ પર પાંગરેલા ધર્મને અંધશ્રદ્ધા અને આડંબરનાં ફળ બેસે છે. આપણું અધ્યાત્મ વાંઝિયું, ડંખીલુ અને કાંટાળુ કેમ બની ગયું છે એનો સ્વસ્થ અને તટસ્થ વિચાર કરશો તો તરત સમજાઇ જશે કે આપણે જે ગુરુઓને ધર્મપ્રચારકો તરીકે સ્વીકારી લીધા છે. તેમના આચરણમાં સરળતા નથી. વ્યાસપીઠ અને પાટ પરથી ધર્મના પ્રચારની જે બડાશો મારવામાં આવે છે એ તેમના આચરણમાં એટલે કે પ્રસારના રુપમાં ભાગ્યે જ જોવા મળે છે. પ્રચાર અને પ્રસાર આ બંને જ્યારે પરસ્પરના પૂરક બને છે ત્યારે જ અધ્યાત્મનો ઉદય થાય છે અને ત્યારે જ એનો પ્રભાવ પડે છે. આટલું નાનકડું સત્ય આપણા ધર્મગુરુઓ સમજે તો નો પ્રોબ્લેમ!